# (SET D)

[1] જો એક શબ્દ " WORK " કોડ તરીકે " 4-12-9-16" લખવામાં આવ્યું છે, તો "WOMAN" માટે કયો કોડ લખવામાં આવશે?

(અ) 4-12-14-26-13

(બ) 4-26-14-13-12

(ક) 23-12-26-14-13

(ડ) 23-15-13-1-14

* નીચેની શ્રેણીનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો (2-3) માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

B @ C 7 N R % 5 $ G 6 K M & 4 S # P U 5

[2] શ્રેણીમાં એવા કેટલા મૂળાક્ષરો છે કે જેની તરત પહેલા સંકેત અને જેની તરત પછી સંખ્યા આવતી હોય?

(અ) 1 (બ) 2 (ક) 3 (ડ) એક પણ નહિ.

[3] જો ઉક્ત શ્રેણીમાંથી બધા સંકેત (SYMBOL) દૂર કરવામાં આવે તો જમણી તરફથી સાતમા સ્થાને શું આવશે?

(અ) K (બ) M (ક) 4 (ડ) એક પણ નહિ.

[4] જો $ એટલે +, # એટલે - , @ એટલે × અને * એટલે ÷ થાય, તો 16 $ 4 @ 5 # 72 * 8 = ?

(અ) 25 (બ) 27 (ક) 29 (ડ) 36

[5] તમારા મામાની પત્નીની એકમાત્ર નણંદની દીકરી તમારે શું થાય?

(અ) ફોઇ (બ) માસી (ક) ભાણેજ (ડ) બહેન

[6] જુદું પડતું શોધો.

(અ) JKOP (બ) MNST (ક) CABD (ડ) OPWX

[7] 7 વર્ષ પહેલા રાધિકા અને તેના પતિ મયંકની ઉંમરનો સરવાળો 'અ' વર્ષ હતો. 5 વર્ષ પછી, તેમના બે બાળકો અર્પણ અને કૃપાની ઉંમરનો સરવાળો 'બ' વર્ષ હશે. તો બધાની હાલની કુલ ઉંમરનો સરવાળો કેટલો હશે?

(અ) અ + બ + 14 (બ) અ + બ + 10

(ક) અ + બ + 4 (ડ) અ + બ + 2

[8] સમ સબંધ શોધો: 4 : 49

(અ) 8 : 144 (બ) 6 : 64 (ક) 7 : 100 (ડ) 5 : 81

[9] ‘ A $ B ’ એટલે ‘A એ B નો પિતા છે.’
‘ A # B’ એટલે ‘ A એ B ની માતા છે.’
‘ A @ B’ એટલે ‘ A એ B ની પત્ની છે.
‘ A % B, એટલે ‘A એ B નો પુત્ર છે.
નીચેનામાથી કઇ અભિવ્યક્તિ ‘N V નો ભાઇ છે.’ સુચવે છે?

(અ) N $ C @ R $ V (બ) N % C @ R $ V
(ક) V % C @ R $ N (ડ) V $ C @ R $ N

*નીચે આપેલ માહિતીના આધારે પશ્ન નંબર (10 – 14 ) ના સાચા જબાબ આપો.

એક કંપનીમાં કુલ પાંચ વિભાગ છે. નાણા વિભાગમાં કુલ 90 કર્મચારીઓ કામ કરે છે જે કુલ કર્મચારીઓના 25 % છે. કુલ કર્મચારીઓના 2/9 ભાગના કર્મચારીઓ માનવ સંસાધનમાં કામ કરે છે. વેચાણ વિભાગમાં માનવ સંસાધન કરતાં 25% વધુ કર્મચારીઓ કામ કરેછે.સલામતી અને હાઉસિંગ વિભાગનો ગુણોત્તર 4:5 છે.

[10] માનવ સંસાધનમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા સિક્યોરિટીમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા કરતાં કેટલા ટકા વધુ છે?

(અ) 250 (બ) 200 (ક) 150 (ડ) 100

[11] વેચાણ, નાણા અને હાઉસિંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા કર્મચારીઓની સરેરાશ શોધો.

(અ) 60 (બ) 70 (ક) 80 (ડ) 90

[12] હાઉસિંગ વિભાગમાં સલામતી વિભાગ કરતા કેટલા કર્મચારીઓ વધુ છે?

(અ) 10 (બ) 20 (ક) 30 (ડ) 40

[13] જો સલામતી વિભાગમાં 40 ટકા સ્ત્રી કર્મચારીઓ હોય તો સલામતી વિભાગમાં પુરુષ કર્મચારીઓની સંખ્યા શોધો.

(અ) 16 (બ) 40 (ક) 32 (ડ) 24

[14] માનવ સંસાધન વિભાગમાં પુરુષ કર્મચારી અને સ્ત્રી કર્મચારી નો ગુણોત્તર 2:3 છે તો માનવ સંસાધનમાં કામ કરતી સ્ત્રીઓની સંખ્યા શોધો.

(અ) 32 (બ) 48 (ક) 64 (ડ) 40

[15] જો + નો અર્થ ‘ભાગાકાર’ , ‘÷’ નો અર્થ ‘ગુણાકાર’ , ‘×’ નો અર્થ ‘બાદબાકી’ અને ‘-‘ નો અર્થ ‘સરવાળો’ હોય, તો નીચેનામાંથી કયું સમીકરણ સાચું?


(અ) $18 \div 6 \times 7 + 5 - 2 = 22$ (બ) $18 \times 6 + 7 \div 5 - 2 = 16$
(ક) $18 \div 6 - 7 + 5 \times 2 = 20$ (ડ) $18 + 6 \div 7 \times 5 - 2 = 18$

[16] અજયની ઊંચાઇ અમિત કરતા વધારે છે પરંતુ રોહિત કરતાં ઓછી છે. રાહુલની ઊંચાઇ સૌથી ઓછી છે. તેમને ઊંચાઇ પ્રમાણે ચડતાં ક્રમમાં ગોઠવતા તે ક્રમ કયો છે?

(અ) અજય, અમિત, રોહિત, રાહુલ (બ) રાહુલ, અમિત, અજય, રોહિત

(ક) રાહુલ, અજય, અમિત, રોહિત (ડ) રાહુલ, રોહિત, અમિત, અજય


[17]




(અ)  (બ) 

(ક)  (ડ) 

*નીચે આપેલા આલેખના આધારે અનુસરીને પ્રશ્ન ક્રમાંક (18-22) ના ઉત્તર આપો.




(પરિવહન-7%, ખેતી-12%, ઊદ્યોગ-18%, સુરક્ષા-8%)

[18] બજેટની ફાડવણીને ઊતરતા ક્રમમાં ગોઠવો.

(અ) અન્ય, પરિવહન, સુરક્ષા, શિક્ષણ, ખેતી, સ્વાસ્થ્ય, ઊદ્યોગ, સેવાઓ

(બ) સેવાઓ, ઊદ્યોગ, સ્વાસ્થ્ય, ખેતી, શિક્ષણ, સુરક્ષા, પરિવહન, અન્ય

(ક) ઊદ્યોગ, સેવાઓ, ખેતી, સ્વાસ્થ્ય, સુરક્ષા, શિક્ષણ, અન્ય, પરિવહન

(ડ) શિક્ષણ, ખેતી, સુરક્ષા, સ્વાસ્થ્ય, પરિવહન, ઊદ્યોગ, અન્ય, સેવાઓ

[19] કુલ બજેટની સરેરાશ ફાળવણી કરવામાં આવે તો દરેક ક્ષેત્રને કેટલા ટકા હિસ્સો મળે?

(અ) 10.5% (બ) 13.5% (ક) 11.5% (ડ) 12.5%

[20] અન્ય, શિક્ષણ, સવાસ્થ્ય, અને સેવાઓના ક્ષેત્રોને મળેલ બજેટનો ગુણોત્તર કેટલો થશે?

(અ) 3:5:2:1 (બ) 5:3:1:2

(ક) 2:1:5:3 (ડ) 1:2:3:5

[21] સુરક્ષા, પરિવહન, ખેતી અને ઊદ્યોગ ક્ષેત્રોના કુલ બજેટને, આ જ ચારે ક્ષેત્રોમાં સરખે ભાગે વહેંચવામાં આવે, તો દરેક ક્ષેત્રને કેટલા ટકા હિસ્સો મળશે?

(અ) 13.25% (બ) 12.25% (ક) 11.25% (ડ) 10.25%

[22] જો સ્વાસ્થ્ય અને પરિવહનમં ફાળો 5% વધરવામાં આવે અને ઊદ્યોગમાં 3% ઘટાડવામાં આવે, તો વહેંચણી શું થશે?

(અ) સ્વાસ્થ્ય 18%, પરિવહન 15%, ઊદ્યોગ 12%

(બ) સ્વાસ્થ્ય 15%, પરિવહન 18%, ઊદ્યોગ 20%

(ક) સ્વાસ્થ્ય 12%, પરિવહન 20%, ઊદ્યોગ 18%

(ડ) સ્વાસ્થ્ય 20%, પરિવહન 12%, ઊદ્યોગ 15%

[23] 3, 6, 11, 18, 27, ?

(અ) 38 (બ) 36 (ક) 40 (ડ) 42

[24] 343:7 :: 1331: ?

(અ) 13 (બ) 11 (ક) 17 (ડ) એક પણ નહિ

[25] ત્રણ મિત્રોની હાલની ઊંમરનો સરવાળો 102 વર્ષ છે. તો આજથી 7 વર્ષ પહેલાં તેમની ઊંમરનો સરવાળો તે સમયે કેટલો હશે?

(અ) 95 (બ) 91 (ક) 81 (ડ) એક પણ નહિ.

[26] નીચેના આકારોમાં કયો આકાર અસંગત છે?

(અ) W (બ) L (ક) O (ડ) H

[27] નીચેના પૈકી કયા શબ્દનું અરીસામાં પ્રતિબિંબ બદલાય નહીં?

(અ)OSMITOM (બ)VHRRVH (ક)AOVIVOA (ડ)BOMB

[28] આપેલા વિધાનો અને તારણો કાળજીપુર્વક વાંચો અને વિધાનમાથી આપેલા તારણો પૈકી કયું તારણ તાર્કિક રીતે અનુસરે છે. વિધાનો : (1) કેટલાક દહલિયા ફુલો હોય છે.

(2) કેટલાક ફૂલો કમળ હોય છે.

તારણો : (1) બધા દહલિયા કમળ હોય છે.

(2) બધા કમળ દહલિયા હોય છે.

(અ) ન તો તારણ 1 કે ન તો તારણ 2 અનુસરે છે.

(બ) માત્ર તારણ 1 અનુસરે છે.

(ક) માત્ર તારણ 2 અનુસરે છે.

(ડ) બન્ને તારણ અનુસરે છે.

[29] જો P = '+' , Q = '-', R = '×' અને S = '÷' હોય, તો નીચે આપેલા પદાવલીનું મુલ્ય શું છે?
5 R 8 Q 8 P 12 S 3

(અ) 31 (બ) 36 (ક) 29 (ડ) 27

[30] જયાં લાગુ પડતું હોય ત્યાં સરવાળા અને બાદબાકીની પ્રક્રિયાનો ઉપયોગ કરીને નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પુર્ણ કરવા માટે પ્રશ્ન ચિન્હની જગ્યા એ શું આવશે?

20, 27, 25, 32, 30, ?, ?

(અ) 35, 37 (બ) 31, 29 (ક) 29,31 (ડ) 37,35

[31] એક સાંકેતિક ભાષા માં CARRY ને YRUAC તરીકે અને HUMAN ને NAPUH તરીકે લખવામાં આવે છે તો તે જ ભાષામાં NIGHT ને કેવી રીતે લખવામાં આવશે ?

અ . THKIN બ. THJIN ક. TGHIN ડ. TGHNI

[32] નીચેની આકૃતિ માં " ? " ની જગ્યા પર કઈ કીમત આવશે ?

| | | |
|---|---|---|
| 5 | 2 | 3 |
| 4 | 4 | 4 |
| 5 | 4 | 5 |
| 5 | | |
| 6 | | |
| ? | | |

(અ) 6 (બ) 4 (ક) 7 (ડ) 9

[33] નીચેનામાંથી કઇ જોડી નીચે આપેલી પ્રસ્તુતિને સમાન છે?

789:987

(અ) 657:756 (બ) 319:391 (ક) 152: 125 (ડ) 614:461

[34] જો S નો અર્થ (×) હોય, T નો અર્થ (-) હોય, U નો અર્થ (÷) અને V નો અર્થ (+) હોય, તો નીચે આપેલા પદાવલીનું મુલ્ય શું હશે?

(15 U 3) V (7 S 4)

(અ) 33 (બ) 39 (ક) 36 (ડ) 30

[35] નૈની મૈના કરતાં મોટી છે. મૈનાની ઉંમર યોગિતા જેટલી નથી. ચિરાગ યોગિતા કરતાં ઉંમરમાં મોટો છે પણ નૈની જેટલી જ ઉંમરનો નથી. તેમાથી સૌથી નાનું કોણ છે?

(અ) ચિરાગ (બ) મૈના (ક) નૈની (ડ) યોગિતા

[36] પિતા અને પુત્રની ઉંમરનો તફાવત 20 વર્ષ છે અને સરવાળો તફાવતથી બમણો છે, તો અનુક્રમે પિતા અને પુત્રની ઉંમર કેટલી?

(અ) 10,30 (બ) 30,10 (ક) 20,10 (ડ) 10,20

[37] T H A J K R B T A E M D G S O J K U M B D L U H Y A C M
ડાબા છેડેથી વીસમો અક્ષર અને જમણા છેડેથી સોળમો અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીમાં કેટલા અક્ષરો છે?

(અ) પાંચ (બ) ચાર (ક) છ (ડ) ત્રણ

[38] ગુણાકારને આધારે સમસબંધ શોધો:

42, 14, 294

(અ) 30, 16, 242 (બ) 34, 18, 306

(ક) 21, 15, 205 (ડ) 36, 21, 360

[39] જો $ એટલે + , # એટલે - , @ એટલે × અને * એટલે ÷ થાય, તો 16 $ 4 @ 5 # 72 * 8 = ?

(અ) 25 (બ) 27 (ક) 29 (ડ) 36

[40] જો '+' નો અર્થ 'ભાગાકાર', '÷' નો અર્થ 'ગુણાકાર', '×' નો અર્થ 'બાદબાકી' અને '-' નો અર્થ 'સરવાળો' હોય, તો નીચેના પૈકી કયું સમીકરણ સાચું છે?

(અ) 18 ÷ 6 × 7 + 5 – 2 = 22

(બ) 18 × 6 + 7 ÷ 5 – 2 = 16

(ક) 18 ÷ 6 – 7 + 5 × 2 = 20

(ડ) 18 + 6 ÷ 7 × 5 – 2 = 18

[41] "કરુણાદ્ર" શબ્દ નો સમાસ ઓળખો.

(અ) દ્વંધ (બ)તત્પુરુષ (ક)દ્વિગુ (ડ)ઉપપદ

[42] "પત્રચેષ્ટા" શબ્દ નો સમાસ ઓળખો.

(અ)દ્વિગુ (બ)દ્વંધ (ક)મધ્યમપદલોપી (ડ)ઉપપદ

[43] "અમીર" શબ્દ નો સમાનાર્થી શબ્દ ઓળખો.

(અ) તવંગર (બ)ધનિક (ક) અ અને બ (ડ)તોર

[44] "મારે શાળા એ જવું છે " આ વાક્ય માં સર્વનામ કયું છે ?

(અ) શાળાએ (બ) જવું (ક) મારે (ડ) છે

[45] નીચેના પૈકી વિરોધી અર્થવાળું જોડકું ક્યું નથી?

(અ)આરોહ-અવરોહ (બ)આસુરી-દૈવી

(ક)અથ-આરંભ (ડ)અનુકુળ-પ્રતિકુળ

[46] શબ્દસમુહ માટે એક શબ્દ લખો. "રહી રહીને પડતાં વરસાદનું ઝાપટું".

(અ)મૂશળધાર (બ)સાંબેલાધાર (ક)સરવડુ (ડ)ટપકટપક કરવું

[47] "ચાર દિવસની ચાંદની" રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(અ)ચાર દિવસનું અજવાળુ (બ)અલ્પકાલીન દુઃખ

(ક)દીર્ઘકાલીન સુખ (ડ)થોડા સમયનું સુખ

[48] નીચે પૈકી ક્યો વિકલ્પ સાચી જોડણી ધરાવે છે?

(અ)ઉરમીલ (બ)ઊર્મિલ (ક)ઊર્મીલ (ડ)ઉર્મીલ

[49] "પુત્રૈષણા" શબ્દની સંધિ છૂટી પાડો.

(અ)પુત્ર + ઐષણા (બ)પુત્ર + એષણા

(ક)પુત્રે + ષણા (ડ)પુત્રે + ષણા

[50] અહીં આપેલા વિકલ્પોમાંથી સાચું વાક્ય શોધો.

(અ) દરેક વિદ્યાર્થીઓને ઈનામો મળયાં. (બ) દરેક વિદ્યાર્થીને ઈનામ મળ્યું.

(ક) દરેક વિદ્યાર્થીઓને ઈનામ મળ્યું. (ડ) દરેક વિદ્યાર્થીઓને ઈનામ મળ્યાં.

ગદ્યખંડ વાંચો અને પ્રશ્ન નંબર 51 થી 55 નાં સાચાં ઉત્તર આપો.

મોંઘવરી વધતી જાય છે તેમ તેમ નીતિ, પ્રમાણિકતા, સાદાઇ, નિષ્ઠા વગેરે જીવનના મુલ્યો ઘસતા જાય છે.ગૃહસ્થાશ્રમી માણસ કોઇ પણ રીતે બે છેડા ભેગા કરવામાં ફાવતો નથી. રાજકારણીઓ, અમલદારો, વેપારીઓ અને ઉદ્યોગપત્તિઓને એ તાગડ ધિન્ના કરતો જુએ છે અને તેના વિવેકની સરવાણી સુકાય જાય છે. તે ભ્રષ્ટાચારી બનવા લલચાય છે.

ઋષિમુનિઓના સાદા અને પવિત્ર જીવનની વાતોમાં એને રસ નથી. બુધ્ધ, મહાવીર અને ગાંધીજીના ઉચ્ચ આદર્શોમાં એને હવે શ્રધ્ધા નથી, સમાજનો દરેક વર્ગ આજે ગમે તે પ્રકારે પૈસા કમાવવા માટે સંકોચ અનુભવતો નથી. સાદું જીવન અને ઉન્નત વિચારની આજે હાંસી ઉડાવાય છે. શિક્ષણમાં મુલ્યનાં પાઠ ઉમેરવાની વાતો ચાલે છે પરંતુ માત્ર પોપટિયા પાઠ ભણાવવાથી કશું વળવાનું નથી. અધમણ વાત કરતાં અધોળ આચરણની વધુ અસર પડે છે અને એવું આચરણ જીવનના કોઇ સ્તરે આપણા દેશમાં દેખાતું નથી. સ્વરાજના પાંચ દાયકાના ગાળામાં સામાન્ય જનની હાલતમાં કશો નોંધપાત્ર સુધારો થયો નથી.

[51] કોણ કોઇ પણ બે રીતે છેડા ભેગા કરવામાં ફાવતાં નથી?

(અ)વેપારીઓ (બ)પૈસાદાર (ક)રાજકારણીઓ (ડ)ગૃહસ્થાશ્રમીઓ

[52] શિક્ષણમાં શું ઉમેરવાની વાતો ચાલે છે?

(અ) સારાપાથો (બ)મુલ્યના પાઠો (ક)પોપટિયા પાઠ (ડ)વધારે પાઠ

[53] સમાજનો દરેક વર્ગ શું કરવા સંકોચ અનુભવતો નથી?

(અ)ખોટુ બોલવા માટે (બ)ભ્રષ્ટાચાર કરવા

(ક)ચોરી કરવા (ડ)ગમે તે પ્રકારે પૈસા કમાવવા માટે

[54] આજે શેની હાંસી ઉડાવાય છે?

(અ) શિક્ષણની (બ) સાદુ જીવન ઉન્ન્ત વિચારની

(ક)પૈસાદારોની (ડ) લોકોની

[55] અધમણ વાત કરતાં શેની વધુ અસર પડે છે?

(અ) લોકોની વાત (બ) વધારે વાત

(ક) અધોળ આચરણની (ડ) થોડી વાત

[56] The security guard sat _____ the officer.

(A)besides (B)beside (C)at (D)in

[57] He said to me, “What are you doing?” (Turn into indirect speech)

(A) He asked me what are you doing?

(B) He asked me what I was doing.

(C) He said to me what was I doing.

(D) He asked me what I I am doing.

[58] Though you are _____ MLA, nobody cares you.

(A) a (B)an (C)the (D)no article

[59] Choose the correct antonym of “adorable”.

(A) charming (B)gorgeous

(C)hateful (D)engaging

[60] Choose the correct one-word substitution of “a small shelter for a dog”.

(A)Shelf (B)Canal

(C)Kennel (D)Ladge

[61] Choose the correct one-word substitution of “One who feeds on human flesh”.

(A)Cannibal (B)Bohemian

(C)Ascetic (D)Aesthetic

[62] Write the sentence in passive voice: “A storm destroyed the cottage”.

(A) The cottage destroyed a storm.

(B) A cottage destroyed the storm.

(C) The cottage is destroyed by a storm.

(D) The cottage was destroyed by a storm.

[63] Choose the correct Phrasal verb of “ Look after”.

(A) To search for

(B) Investigate

(C) To take care of

(D) None of these

[64] Choose the correct synonyms of “Attack”.

(A) Assault (B) Assent (C)Encourage (D) Tremble

[65] Choose the correct synonyms of “Gentle”.

(A) Docile (B) Quaint (C) Fatal (D) Stern

[66] Translate the sentence english to gujarati.

"We will fight for our rights."

(A) અમે આમારા માટે લડીશું.

(B) અમે અમારા હક્ક માટે લડીશું.

(C) અમે આમારા પ્રશ્નો માટે લડીશું.

(D) ઉપર પૈકી એક પણ નહીં.

[67] Choose the correct noun.

"She was the only ____ in the family.

(A) Heir (B) Heriess (C) Both A & B (D) None of these

[68] It ____ been raining for two hours.

(A) has (B) have (C) are (D) were

[69] Oil and water ____ not mix.

(A) does (B) do (C) Are (D) Were

[70] I met ___ honourable man ___ hour ago.

(A) A, An (B) An, A (C) An, An (D) An, The

[71] 1 થી 52 સુધીના અંકો લખવામાં કેટલા અંકોનો ઉપયોગ થશે?

(અ) 94 (બ) 93 (ક) 95 (ડ) 96

[72] 50 પરિણામોની સરેરાશ 36 છે. પાછળથી ખબર પડી કે એક પરિણામ 48 ની જગ્યાએ ભૂલથી 23 લેવાઇ ગયું હતું તો સાચી સરેરાશ શોધો.

(અ) 36 (બ) 36.5 (ક) 37.5 (ડ) 37

[73] કોઇ એક સંખ્યાના 63% અને તેજ સંખ્યાના 45% વચ્ચેનો તફાવત 342 છે, તો તે સંખ્યાના 78% કેટલા થાય?

(અ) 1482 (બ) 1486 (ક) 1586 (ડ) 1582

[74] એક સંખ્યાને પાંચ ગણી કરી તે સંખ્યા ઉમેરતા 186 થાય તો તે સંખ્યા કઇ?

(અ) 28 (બ) 31 (ક) 34 (ડ) 37

[75] એક વ્યક્તિ પાસે રૂ.10 , રૂ.20 , રૂ.50 , રૂ.100. અને રૂ.200 ની કેટલીક નોટો છે. દરેક પ્રકારની નોટોની સંખ્યા સમાન છે. તે વ્યક્તિ પાસે કુલ રૂ.7600 છે. તો વ્યક્તિ પાસે કુલ નોટોની સંખ્યા કેટલી હશે?

(અ) 80 (બ) 90 (ક) 100 (ડ) 110

[76] એક પાનાની ફ્રોટો કોપી કરવાની કિંમત 1 રૂપિયો છે. 1000 ફ્રોટો કોપી ઉપર જેટલી પણ ફ્રોટો કોપી કરવાની થાય તેના પર 2% ડિસ્કાઉન્ટ મળતું હોય, તો 5000 પાનાની ફ્રોટોકોપીનો ખર્ચ કેટલો?

(અ) 4900 (બ) 4920 (ક) 4980 (ડ) 4960

[77] મિશ્રધાતુમાં તાંબા અને જસતનો ગુણોત્તર 9:4 છે. જો મિશ્રધાતુમાં તાંબુ 24 કિલો હોય તો જસત કેટલા કિલો હશે?

(અ) 10.70 (બ) 10.66 (ક) 10 (ડ) 11

[78] બે સંખ્યાનો ગુણોત્તર 3:5 છે. દરેકમાંથી 9 બાદ કરીએ તો નવો ગુણોત્તર 12:23 થશે. તો નાની સંખ્યા શોધો.

(અ) 33 (બ) 32 (ક) 55 (ડ) 44

[79] સુપ્રિયા એક વોશિંગ મશીન રૂ.8500 માં વેચાણ કરે છે. આ વેપારમા તેણે 15% નુકશાન ભોગવવું પડે છે, તો વોશિંગ મશીન તેણીએ કેટલા રૂપિયામાં ખરીદ કરેલ હશે?

(અ) 9000 (બ) 9500 (ક) 10000 (ડ) 10500

[80] ફળનો વિક્રેતા , રૂ.1 માં 2 લીંબુ ખરીદે છે અને રૂ.3 માં 5 લીંબુ વેચે છે, તો નફાની ટકાવારી કેટલી?

(અ) 20% (બ) 25% (ક) 30% (ડ) 15%

[81] 6000 પાઉચ બનાવામાં મોહનને 10 કલાક અને રોહનને 15 કલાક લાગે છે. તો બંને સાથે મળીને 600 પાઉચ બનાવે છે. તો તેમનો સંયુક્ત કામનો દર શોધો.

(અ) 1000 પાઉચ/ કલાક (બ) 600 પાઉચ/ કલાક

(ક) 1500 પાઉચ/ કલાક (ડ) 1200 પાઉચ/ કલાક

[82] 200 બાળકો અથવા 120 પુરુષો માટે જમવાનું છે. પરંતુ તેમાથી 150 બાળકો જમી લે છે. તો બાકીનું જમવાનું કેટલા પુરુષો જમી શકે?

(અ) 50 (બ) 40 (ક) 60 (ડ) 30

[83] 4 વ્યક્તિ 4 સાદડી 4 દિવસમાં બનાવી શકે છે. આ જ ગતિથી 8 વ્યક્તિ 8 દિવસમાં કેટલી સાદડી બનાવી શકે?

(અ) 14 (બ) 16 (ક) 18 (ડ) 12

[84] એક પ્રવાસી પોતાનો અડધો પ્રવાસ 21 કિ.મી./કલાક ની ઝડપથી અને બીજો અડધો પ્રવાસ 24 કિ.મી./કલાક ની ઝડપે કરે છે. આ પ્રવાસ માટે કુલ 10 કલાકનો સમયગાળો છે. આ સંજોગોમાં પ્રવાસનું અંતર કેટલું?

(અ) 224 કિ.મી. (બ) 225 કિ.મી (ક) 226 કિ.મી. (ડ) 220 કિ.મી.

[85] રોહન A થી B વચ્ચેનું અંતર જતી વખતે ચાલીને તથા પાછા ફરતી વખતે સાઇકલ પર 40 મિનિટમાં કાપે છે. જો તે A થી B વચ્ચેનું અંતર આવતા-જતા ચાલીને કાપે તો 60 મિનિટ લાગતી હોય, તો આ અંતર જતી અને આવતી વખતે સાયકલ પર કેટલો સમય લાગે?

(અ) 40 મિનિટ (બ) 30 મિનિટ (ક) 20 મિનિટ (ડ) 60 મિનિટ

[86] એક વ્યક્તિ 11 મીટર ઊંચી દિવાલ સાંજે 5 વાગે ચડવાનું શરૂ કરે છે. તે દરેક મિનિટે 1 મીટર ચડે છે અને 50 સેન્ટિમીટર લપસી પડે છે. તો કેટલા વાગે દિવાલ ચડી શકશે?

(અ) 5:20 કલાકે (બ) 5:22 કલાકે (ક) 5:21 કલાકે (ડ) 5:23 કલાકે

[87] 3 મિત્રો મડીને એક વેપાર શરૂ કરે છે. રમેશ 10000 રૂપિયા 4 મહિના માટે, સુરેશ 5000 રૂપિયા 6 મહિના માટે અને મહેશ 16000 રૂપિયા 5 મહિના માટે રોકે છે. જો વર્ષના અંતે 4500 રૂપિયા નફો થાય તો રમેશના ભાગે કેટલા રૂપિયા નફો આવે?

(અ) 1200 રૂપિયા (બ) 1500 રૂપિયા (ક) 1000 રૂપિયા (ડ) એકપણ નહિ

[88] 60 કિ.મી/કલાકની ઝડપે ચાલતી 90 મીટર ગાડી તે જ દિશામાં 50 કિ.મી./કલાકની ઝડપે જતી 110 મીટર ગાડીને કેટલા સમયમાં પસાર કરશે?

(અ) 75 સેકન્ડ (બ) 74 સેકન્ડ (ક) 71 સેકન્ડ (ડ) 72 સેકન્ડ

[89] સમાંતરશ્રેણી 3, 8, 13, 18, ..... નું કેટલામું પદ 78 થાય?

(અ) 16 મું (બ) 15 મું (ક) 14 મું (ડ) 11 મું

[90] પ્રથમ 100 પ્રાકૃતિક સંખ્યાઓનો સરવાળો કેટલો થાય?

(અ) 5500 (બ) 5000 (ક) 5050 (ડ) 5005

*નીચે આપેલા કોષ્ટકને આધારે પ્રશ્નન ક્રમાંક 91-95 ના ઉત્તરો આપો.

પાંચ પદાર્થોના ચાર વર્ષના વેચાણની માહિતી ( રકમ લાખમાં)

| પદાર્થ | 2021 | 2022 | 2023 | 2024 |
|---|---|---|---|---|
| A | 45 | 52 | 63 | 70 |
| B | 60 | 55 | 58 | 62 |
| C | 35 | 48 | 53 | 60 |
| D | 75 | 68 | 70 | 85 |
| E | 40 | 45 | 50 | 55 |

[91] દરેક પદાર્થના ચાર વર્ષમાં થયેલ કુલ વેચાણને મૂલ્યની દ્રષ્ટિએ ઊતરતા ક્રમમાં ગોઠવો.

(અ) D, B, A, E, C (બ) D, B, E, C, A

(ક) D, B, C, A, E (ડ) D, B, A, C, E

[92] દરેક પદાર્થના ચાર વર્ષમાં થયેલ કુલ વેચાણની સરેરાશ ને ચઢતા ક્રમમાં ગોઠવો.

(અ) E, C, A, B, D (બ) D, B, E, C, A

(ક) E, C, A, D, B (ડ) E, B, D, A, C

[93] કયાં બે પદાર્થોના વેચાણમાં દર વર્ષે સતત વધારો થયો નથી?

(અ) C - E (બ) A - C

(બ) E - A (ડ) B - D

[94] દરેક વર્ષના કુલ વેચાણની માહિતીને વર્ષ દીઠ ચઢતા ક્રમમાં ગોઠવો.

(અ) 2024->2023->2022->2021 (બ) 2021->2022->2023->2024

(ક) 2022->2024->2023->2021 (ડ) 2023->2021->2024->2022

[95] દર વર્ષે કુલ વાર્ષિક વેચાણમાં કેટલા લાખનો વધારો થતો ગયો?

(અ) 38, 13, 26 (બ) 13, 38, 26

(ક) 13, 26, 38 (ડ) 26, 38, 13

[96] 29, 57, 66, 78, 89, 97, 117, 123 ની સરેરાશ કેટલી થશે?

(અ) 80 (બ) 82 (ક) 81 (ડ) 83

[97] 250 અને 400 નો ગુણોત્તર શું છે?

(અ) 4:5 (બ) 5:4 (ક) 5:8 (ડ) 8:5

[98] 80 લિટર દૂધ અને પાણીના મિશ્રણનો ગુણોત્તર 3:1 છે. જે દૂધ અને પાણીનો ગુણોત્તર 1:2 હોય તો ફરી કેટલા લિટર પાણી ઉમેરવું પડે?

(અ) 100 લિટર (બ) 120 લિટર (ક) 20 લિટર (ડ) 60 લિટર

[99] 36 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 14 વર્ષ છે. શિક્ષકની ઉંમર ઉમેરવામાં આવે તો સરેરાશ એક વર્ષ વધે છે. તો શિક્ષકની ઉંમર કેટલા વર્ષ હશે?

(અ) 53 (બ) 52 (ક) 51 (ડ) 50

[100] 1000 પાનાનાં પુસ્તકને પાના નંબર આપવા માટે કેટલા શૂન્યની જરૂર પડે?

(અ) 190 (બ) 192 (ક) 190 (ડ) 191